ચાનેડનવળી.

બાળકેળવણી.

સુધારવા શીશુ સર્વદા, પળાવવા શુભ પંથ;
સુજન સ્નેહથી સંગ્રહો, બાળકેળવણિ ગ્રંથ.

કર્ત્તા.

ગીરધરલાલ હરગોવિંદદાસ શાહ.

પે. કારકુન. પેટલાદ વિભાગ ડેપ્યુટી
એજયુ. ઇન્સપેકટર ઓફીસ.
રાજ્ય વડોદરા.

પ્રકાશક.

જી, એ, એમ, એન્ડ કંપની.

સંવત. ૧૯૫૨ ઇ. સ. ૧૮૯૬

નડીઆદ

"ન્યુ" ગુજરાત પ્રિન્ટિંગ પ્રેસ.

મુલ્ય ૨ બે આના.

આદ્યોદ્ગાર.

સામ્પ્રત કાળની ઉછરતી પ્રજા સુખી, તનદુરસ્ત, બુદ્ધિશાળી, અને દેશોદયના કામમાં ઉત્સાહી નીવડે, એવા હેતુથી માબાપે પોતાના છોકરાંને કેમ કેળવવાં તે ઉપર અગત્યની ટુંક નોંધ પ્રકટ કરવાને આ પુસ્તક જન્મ પામ્યું છે. આવા બાળોપયોગી અને નાનકડા પુસ્તકની પ્રસ્તાવના લખવાની આવશ્યકતા હોય, એમ મને ભાસતું નથી; અને તેથી તે લખવાની ભાંજગડમાં હું ઉતરતો નથી. આ પુસ્તક ઉપર જનસમૂહની રૂચી પ્રાપ્ત થયેલી જણાશે તો દેશના ભલાની ખાતર મને પરમાનંદ થયા વગર રહેશે નહીં.

આ પુસ્તક સંબંધે રા૦ રા૦ ભાઇ અમૃતલાલ બાબરભાઇએ તથા સુનદાસ તુલસીદાસે યોગ્ય સલાહ અને સૂચના આપી છે તેથી તેમનો આભાર માનુંછું.

સંવત. ૧૯૫૨ ના આસો સુદી પૂર્ણિમા. પેટલાદ } લી. કર્તા.

બાળકેળવણી.

છોકરાંને કેળવવાની મુખ્ય નોંધ.

કોઇ પણ જાતના અકસ્માત કે જેથી શરીરને નુકસાન યા ઇજા થાય તેનાથી દૂર રહેવાનું શીખવવું.

છોકરાંની તનદુરસ્તીની પુરતી સંભાળ રાખવી.

અવલોકન કરવાની શક્તિને ધીમે ધીમે ખીલવવી.

આજુબાજુની વસ્તુઓનું ભાન કરાવવું.

માબાપ, વાલી, રક્ષક, અને શિક્ષકના કહ્યાગરા થવાની ટેવ પાડવી.

સારી રીતભાત, વર્તણુંક, નિયમિતપણું અને સ્વચ્છતા ઉપર ચોક્કસ અંકુશ રાખવો.

વહેમથી દૂર રહેવાનું શીખવવું.

વ્યવહારિક, કળાકૌશલ્યની, વ્યાપારની, દેશોન્નતિની, રાજકિય અને ઇશ્વરના ઐશ્વર્યની વાતો પ્રિય લાગે એવું વલણ વાળવું.

ટુંકામાં દુનિયાદારીમાં માણસાઇના સદ્‌ગુણો પ્રાપ્ત કરી શકે એવી રીતે કેળવવાં.

કેવા ફાયદાને માટે છુટ આપવી! અને કેવા નુકસાનને માટે અટકાવ કરવો?

છોકરાંને નાચવા, કૂદવા, દોડવા, રમવા વગેરેનો ઘણો શોખ હોય છે. વાતો કરવી, ગમત કરવી, હસવું, ગાવું ઇત્યાદિ ઉપર પ્યાર હોય છે; પશુપક્ષીની બોલી બોલવાનું પણ મ-

ન થાય છે. આવી બાબતમાં હદની અંદર ભાગ લેતાં મા-બાપે તેમને અટકાવવાં નહીં. પરંતુ તેથી કોઇને ઇજા યા નુકસાન થતું હોય તો તેમને અટકાવવાં.

અકસ્માત થતાં નુકસાનને માટે શું કરવું ?

તળાવ, કૂવા, વાવ વગેરે ઠેકાણે રમવા જવા દેવાં નહીં.

અગ્નિની રમત કરવા દેવી નહીં.

ઉંચેથી ભૂસકા મારવા દેવા નહીં.

સર્પ વીંછુ વગેરે ડંશ કરનારાં પ્રાણીઓ પાસે જવા દેવાં નહીં.

ગાય, ભેંસ, બળદ, ઘોડાં, ગધેડાં ઇત્યાદિ પ્રાણીઓ તથા ચાલતાં ગાડાં ગાડીઓ પાસે જવા દેવાં નહીં.

હરકોઇ નુકસાનકારક, ઓળખ્યા વગરનો, અને ઉઘાડો પદાર્થ ખાવા કે પીવા દેવો નહીં.

છોકરાંએ પોતાની મેળે શું શું કરવું ?

નાહી વેળાએ પાણી રેડી શરીર ચોળી નાહું; અને પછી ડીલ લૂછવું

કપાળે ચાંલ્લો અથવા તિલક કરવું.

જમી રહ્યા પછી હાથ મોઢું ધોવું; અઍઠું કે ગંદવાડ રહે નહીં તેવી કાળજી રાખવી.

પોતાનાં કપડાં સંભાળથી ઓઢવા પેરવાની તથા કાઢવાની ટેવ રાખવી.

કપડાં મેલાં થાય કે ફાટે નહીં તેવી સંભાળ રાખવી.

પોતાનાં કપડાં, ભણવાનાં પુસ્તકો અને સામાન તથા રમવાની વસ્તુઓ હમેશાં મુકરર કરેલે ઠેકાણે સંભાળથી મૂકવાં.

છોડીઓ અને છોકરાઓએ પોતાના વાળ છુટા રહે નહીં, તેમ ઓઢવું, અથવા ટોપી પેરવી.

છોડીઓએ ઘર કામ શીખવાનો ઉમંગ રાખવો.

અઘટિત ન્યાય અને ગુસ્સો.

માબાપ કંઇ કામ કરતાં હોય, તેમાં ભાગ લેવાને છોકરાં ઘણી વાર ઇચ્છા બતાવે છે. આવે પ્રસંગે તેમનાથી ન બની શકે તેવા કામ માટે ગુસ્સે થઇ તેમની જીજ્ઞાશા દબાવી દેવી નહીં. પણ ન બની શકવાનું કારણ અને હરકતો સમજાવી, તેમના મનનું સમાધાન કરવું.

ઇશ્વરે માણસનામાં સ્વાભાવિક જીજ્ઞાશા મૂકેલી છે, તે પોતાની ગેરસમજને લીધે ગુસ્સે થઇ દબાવી દે, એટલે કાંતો ખીજે અથવા માર મારે; અને તેથી છોકરાં રડે. ત્યારે ક્રોધના આવેશમાં વધારે માર મારે. આવા દાખલા ઘણી વખત જોવામાં આવે છે. આથી બુદ્ધિ ખીલવાને બદલે જડ થઇ જાય છે.

કંઇ દરદ થતું હોય અને તે સમજવામાં ન આવે, ત્યારે છોકરાં રૂએ છે; એવે પ્રસંગે કુટેવ કે હઠ માની ચૂપ રહેવા ધમકાવે છે. કેટલીક માતાઓ તો છોડી રાંધતી હોય અને તેમાં વખતે દાઝે, અથવા ન આવડે ને બિગાડ થાય ત્યારે તેને ધીમાશથી અને સારા શબ્દો બોલી સમજણ પાડી, હિમ્મત આપી શીખવવાને બદલે માર મારે છે; પણ આવા સ્વભાવથી છોકરાંને કેળવવાનો હેતુ બર આવે નહીં, એ ધ્યાનમાં રાખવું જોઇએ.

છોડીઓને છુંદણાં છુંદવાં નહીં.

છોડીઓને છુંદણાં છુંદવાની રીત કેવળ જંગલી અને અગ્રાહ્ય છે. સમજુ માબાપે તે રિવાજનો નાશ કરવો ઘટે છે. જ્યાં આ રિવાજને એકદમ અટકાવવા હરકત આવતી હશે, ત્યાં ધીમે ધીમે ઘટાડવો; કે કેટલેક કાળે તદન નાબુદ થઇ જશે.

ઘરેણાં પેરાવવાથી થતું નુંકસાન.

ઘણા લોકો પોતાની ગૃહસ્થાઇ જણાવવા અથવા શોભાને માટે બાળકોને ઘરેણાં પેરાવે છે. શરીરના રક્ષણાર્થે જરૂરની ચીજ જે લુગડાં તે પુરતાં ન હોવા છતાં પણ એ ખોટી શોભાને માટે દેવું કરી અથવા બીજી હરકતો વેઠી કેટલાક તો બાળકોને ઘરેણાં પેરાવવામાં શોભા માને છે. પરંતુ એજ શોભા કોઇ વખત ઓભા થઈ પડે છે. જુજ કિંમતના દાગીના માટે પણ નિર્દય લોકો બાળકોના પ્રાણ લે છે. ઘણી વખત વિશ્વાસુ નોકર ચાકરો પણ દાનત બગડવાથી જીવનું જોખમ કરે છે. માટે આવી ખોટી મોટાઇને શોભાનો ત્યાગ કરવો જોઇએ. તહેવાર કે લગ્નાદિ એવા જરૂરના પ્રસંગે ઘરેણાં પેરાવવાની અગત્ય જણાય તો, ખપ જેટલો વખત પુરતા બંદોબસ્તથી પેરાવવાં; પણ તેની ઘણી કાળજી રાખવી. કહેવત છે કે " માયાનો ભો પણ કાયાનો ભો નહીં. "

આરોગ્યતા.

તનદુરસ્ત શરીર એ જીવનનો હેતુ પાર પાડવાનું મુખ્ય સાધન હોવાથી, જેમ બને તેમ શરીર આરોગ્ય રહે એમ કરવું જોઇએ. શરીર આરોગ્ય રાખવાને સ્વચ્છ હવા, ગુણકારી ખોરાક, સુઘડતા, અને વ્યાયામ (કસરત) એ પ્રથમ જરૂરનાં છે.

સ્વચ્છ હવા.

શરીર સુખાકારી જાળવવામાં સ્વચ્છ હવા અતિ અગત્યની છે. ખોરાક રહિત કેટલાક વખત પર્યંત ચાલી શકે છે; તથાપિ હવા રહિત એક ક્ષણ પણ નભી શકતું નથી એજ હવાની આવશ્યકતા સાબીત કરી આપે છે. પરંતુ તે હવા સ્વચ્છ હોવી જોઇએ. સ્વચ્છ હવા જેટલી શરી-

રને ફાયદાકારક છે તેટલીજ ખરાબ હવા નુકસાનકારક છે. માટે સ્વચ્છ હવા મેળવવા પ્રયાસ કરવો.

રહેવાના સ્થળમાં કે સ્થળની બહાર ગંદવાડ કે કહોવાણ હોય તો, તેથી બદબો ઉત્પન્ન થઇ તનદુરસ્તી બગાડે છે માટે તેવા પદાર્થો પડયા રહેવા દેવા નહીં.

હવા અજવાળું સંકોચિત હોય તો તાજી હવા મળવા મુશ્કેલ પડે તેથી ઘરમાં હવા આવે એવાં બારી બારણાં કે જાળીઆં હોવાં જોઇએ.

બંધીઆર જગોમાં ઘણાં માણસો મળવાથી હવા પ્રતિકુલ થાય છે, માટે તેવે સ્થળે ઘણાં માણસોએ ભેગાં થવું નહીં

શહેરની ઘાડી વસ્તીની હવા કરતાં ગામ બહારની ખુલ્લી હવા વધારે લાભકારક છે, એમ જણાવી સારી અને નરસી હવાનો ભેદ સમજાવવો.

ગુણકારી ખોરાક

ઉછરતી પ્રજાના શરીરનું બંધારણ તેમના ખોરાક ઉપર આધાર રાખે છે. માટે શરૂઆતથી સારો અને પૌષ્ટિક ખોરાક આપવો.

હમેશાં ખોરાક એકને એક નહીં આપતાં વારા ફરતી આપવો.

ખોરાક નિયમિત વખતે આપવો.

દૂધ, ઘી, મલાઇ અને એવા તેલી પદાર્થો પૌષ્ટિક છે. પરંતુ એ જલદીથી પચતા નથી, માટે તેમની પાચન શક્તિને માફક આવે તેટલોજ ખોરાક આપવો.

ખાતાં ખાતાં ઉતાવળ કરે નહીં અને સમજીને ખાય એમ શીખવવું.

કેટલાંક છોકરાંને હમેશાં કચર પચર ખાવાની ઘણી

ટેવ હોય છે; એટલે ખાધેલો ખોરાક પુરો પચ્યો ન હોય તેટલામાં પાછો બીજો ખોરાક ખાય, તેથી તે નહીં પચવાથી અજીર્ણ થઇ બાદી કરે છે માટે એવી ટેવ છોડાવવી.

બાળકોને ઘણું કરી ગળપણ ઉપર વધારે ભાવ હોય છે. તે પણ હદની અંદર આપવો જોઇએ કેમકે ગળ્યા પદાર્થોથી કચરમનો વ્યાધિ ઉત્પન્ન થાય છે.

કેટલીક અજ્ઞાન માતાઓ છોકરાંની ભૂખ ને રૂચીનો વિચાર ન કરતાં ઘણી વખત અકરાંતીઉં ખવરાવે છે. પણ તેથી પરિણામે બાળકો માંદાં પડે છે.

કોઇ પણ ખોરાક ગરમ હો, કિંવા થંડો હો, કે પછી પૌષ્ટિક હો, પણ તેના શરીરને માફક આવે તેજ ખોરાક આપવો એ તનદુરસ્તીને ફાયદાકારક છે. વાયુના કોઠા વાળાને થંડી રૂતુમાં પૌષ્ટિક પણ થંડો ખોરાક માફક આવે નહીં, તેવીજ રીતે ગરમીની રૂતુમાં ગરમ કોઠા વાળાને ગરમ ખોરાક માફક આવે નહીં, માટે પથ્યા પથ્યનો વિચાર કરી માફકસર ખોરાક આપવા માબાપે ધ્યાનમાં રાખવું જોઇએ.

સુઘડતા.

આરોગ્ય રહેવાનું સુઘડતા એ પણ એક જરૂરનું સાધન છે. હમેશાં શરીરનાં છિદ્રોમાંથી પરસેવો નીકળે એ કુદરતી છે; બળનું કામ કરવાના પ્રસંગે, પવન બંધ હોય ત્યારે અથવા ઘણાં માણસોની ગરદી હોય ત્યારે પરસેવો વધારે થાય છે. છુટેલા પરસેવામાંથી પાણી જેવો પ્રવાહી પદાર્થ ગરમીથી ઉડી જાય છે, અને ઘટ્ટ ચીકણા રહેલા શેષ ભાગથી છિદ્રો પુરાઈ જઈ લોહીમાં વિકાર થાય છે. એજ કારણથી ખસ, કોહો, અને એવા બીજા ત્વચાના ચેપી રોગો ઉત્પન્ન થાય છે. માટે હમેશાં શરીર સ્વચ્છ રહેવા સારૂ ચોખ્ખા પાણીથી નાવાની અગત્ય છે.

નાવું.

સામાન્ય રીતે થંડા પાણીથી નાવું, એ ફાયદાકારક અને શક્તિ આપનારૂં છે. થંડુ પાણી દરરોજ પ્રથમ પગ કે માથા ઉપર રેડવુ જોઇએ; પછી શરીરના બીજા ભાગ ઉપર રેડવું. શરીર માંદુ કે અશક્ત હોય, ત્યારે સાધારણ ગરમ પાણી વાપરવું. સાંજે નાવા કરતાં સવારે નાવું એ વધારે લાભકારક છે. તાપમાં, ખુલ્લી જગામાં, અને પવનનો સપાટો આવે એવી જગામાં નાવું, એ નુકસાનકારક છે. નાતી વખતે સાબુ ચોળી નાવું. નાઇ રહ્યા પછી સ્વચ્છ કોરા કપડા વડે શરીર સાફ કરવું. નાવાનું કામ નાવાની ઓરડીમાં અગર બંધોઆર જગામાં થવું જોઇએ. નાવામાં ચોખ્ખું કૂવાનું પાણી ઉત્તમ છે. તળાવ વગેરેનું પાણી તેનાથી ઉતરતું છે. નાવામાં શરીરના તમામ ભાગ અને ખાસ કરીને સાંધાના ભાગ કે એવાજ ભાગને વધારે કાળજી રાખી ચોળવા.

માથાના વાળ પણ હોળી ચોળીને વખતો વખત સાફ રાખવા.

દાંત.

છોકરાંના દાંત રેતી, ઇંટોની ભૂકી, માટી, અગર એવા બીજા પદાર્થોથી ઘસવા નહીં. બદામનાં ફોતરાંની રાખ સારી અને સહેલાઇથી મળી શકે છે તે બહુ ઉપયોગી છે. ચાકની ભૂકી પણ સારી ગણાય છે માટે તે વડે દાંત સાફ કરવા.

કપડાં.

પેરવાનાં કપડાં ધોયેલાં સ્વચ્છ જોઇએ શરીરમાંથી છૂટતો પરસેવો કપડાંને ચોટવાથી મેલાં થાય છે; જેમ શરીરમાંથી પરસેવો વધારે છૂટે તેમ કપડાં વધારે મેલાં થાય છે; ને તેથી છિદ્રો પુરાઇ જાય છે. માટે મેલાં કપડાંથી પણ તેટ

ણુંજ નુકસાન થાય છે.

દીવસે અને રાતે પેરવાનાં કપડાં જૂદાં રાખવાં.

કેટલાંક છોકરાં પોતાનાં કપડાં ધૂળમાં કે કાદવમાં રમી ગંદાં કરે છે, ને નાક વગેરે સાફ કરવામાં પણ પેરેલાં બગાડે છે. માટે રૂમાલ વડે સાફ કરવાનું શીખવવું.

છોકરાંને દરરોજ પેરવાનાં કપડાં ટકાઉ અને જલદીથી મેલાં ન થાય એવાં પેરાવવાં. અર્ધ નગ્ન કે નગ્ન ફરવા દેવાં એ ખોટું છે.

ઋતુ ઋતુનાં કપડાં જૂદાં જૂદાં એટલે ટાઢ, તડકાથી ઇજા ન થાય એવાં જોઇએ. શરીરના અવયવો ઉપર દબાણ ન થાય માટે કપડાં સહેજ ખુલતાં રાખવાં; ખાસ કરીને હાથ પગ ઉપર આવવાનાં મોકળાં રાખવાં; તંગ રાખવાં નહીં. તંગ રાખવાથી લોહીનું ફરવું બંધ થાય છે. શરીરને કાપા પડે એવાં કપડાં પેરાવવાં નહીં. ઉંઘતી વખતે મોં ઉપર લુગડું ઓઢાડવું એ ભૂલ ભરેલું છે, કેમકે તેથી મોંમાંથી નીકળતી ઝેરી હવાનો પુનઃ શ્વાસ લેવાય તો તનદુરસ્તીમાં બિગાડ થાય છે.

વાર તહેવાર કે એવા ટાંકણા માટે છોકરાંના મનને આનંદ થાય એવાં કપડાં પેરાવવાં.

વ્યાયામ(કસરત.)

બાળકોને મનની કેળવણીની જેટલી જરૂર છે તેટલીજ તનની કેળવણીની પણ જરૂર છે. જો તન નિરોગી અને મજબૂત હોય તોજ મન પોતાનું કામ સારી રીતે બજાવી શકે. જુના વખતમાં પણ બાળકોને રમત ગમતની સાથે તનની કેળવણી આપવવામાં આવતી હતી. ગિલ્લિદંડા, ફહીનો ઘોડા, હીલપટો, અને એવી એવી આપણી દેશી રમતોથી પણ શરીરને કસરત મળે છે. પરંતુ એમાંની જે રમતોથી

શરીરને નુકસાન થતું હોય અથવા બીજી કોઇ જાતની હરક્ત જણાતી હોય તેવી રમતો દૂર કરવી; યા તો તેમાં સુધારો વધારો કરવો એ લાભકર્ત્તા છે.

છોકરાઓને કસરતની જેટલી જરૂર છે તેટલીજ છોડીઓને પણ છે. તેમને નાનપણમાં કસરત મળવાથી શરીર મજબૂત અને તનદુરસ્ત થાય છે; અને તેથી ગૃહિણી થવામાં હરકત આવતી નથી. જેનું શરીર કસાયલું નથી એવી બાળાઓ નબળા બાંધાની અને અશક્ત નીવડે છે; અને તેથી ગૃહિણી થવામાં હરકત આવે એ સ્વાભાવિક છે, ને પરિણામે લથડતી જીંદગી ગુજારે છે.

છોકરાંનું વલણ સ્વાભાવિક રીતે રમતિયાળ વૃત્તિએ કરી કસરત તરફ વધારે હોય છે. તેમની તનદુરસ્તી માટેજ એ કુદરતી ખોરાક છે. તેથી ઘરમાં ને ઘરમાં આંગણે એવી રમતો રમતા દેવી.

સ્વાભાવિક કસરત સારી છે; એટલે કે બાળકોની વય અને શરીરના બાંધાને માફક આવે એટલીજ થવી જોઇએ. મંદવાડથી અશક્ત થયેલા શરીરે કસરત કરવી એ નુકસાનકારક છે. હરકોઇ રમત રમવામાં છોકરાં અનીતિને રસ્તે ચઢે નહીં એ વાત ધ્યાનમાં રાખવી.

ચોખ્ખી હવા મળે એવી ખુલી જગા કસરતને માટે લાભકારક છે. દંડ, બેઠક, કુસ્તી, અને એવા બળ કાઢવાના દાવની કસરત વખતે મોંઢું બંધ રાખવું જોઇએ. લંગોટ વાળ્યા સિવાય કસરત કરવી નહીં. કસરત કરી રહ્યા પછી, જરા આમ તેમ ફરી શરીરનો પસીનો સુકાયા પછી લુગડાં પેરવાં; તેમજ તરતજ નાવું કે ખાવું પીવું નહીં

તન અને મન.

તન અને મન એ બંનેને અતિ નિકટનો સંબંધ છે. મનની કેળવણીનો આધાર તનની કેળવણી ઉપર છે. જો શરીર મજબૂત ને નિરોગી હોય; તોજ મન પોતાનો ધર્મ રૂડી રીતે બજાવી શકે. માટે મનની કેળવણીને સારૂ, તનની કેળવણી ઉપર વધારે ધ્યાન આપવાની જરૂર છે. તનદુરસ્ત શરીરવાળો પણ સાધારણ બુદ્ધિનો માણસ, નબળા બાંધાના વિદ્વાન કરતાં મનનું કામ વધારે સારૂં બજાવી શકે. કેટલાક લોભી પીતાઓ બાળકની વય અને તેના શરીરના બાંધાનો વિચાર ન કરતાં શક્તિ ઉપરાંત ભણવાનો બોજો નાંખે છે; પણ તે, છોકરાંના શરીરના બાંધાને અને મનશક્તિને હાનિ પહોંચાડે છે, માટે સમજુ માબાપે ગજા ઉપરાંત અભ્યાસ કરાવવા લાલસા રાખવી નહીં.

બળ અને મન.

દુનિયાદારીમાં માણસોને અનેક કામ કરવાનાં હોય છે. સઘળાં કામ એકલા મનથી કે એકલા બળથી કરવાનાં હોતાં નથી, કેટલાંક કામમાં મનશક્તિ કરતાં બળની જરૂર વધારે પડે છે અને કેટલાંકમાં બળ કરતાં મનશક્તિની વધારે જરૂર પડે છે. ખાણુ ખોદવા, સુરંગ ફોડવા, ખેતી કરવા વગેરે મજુરી કરવાના કામમાં બળનો ખપ વધારે પડે છે; તેમજ ન્યાય કરવા, ગણિત ગણવા વગેરે બુદ્ધિનો ઉપયોગ કરવાના કામમાં મનશક્તિનો ખપ વધારે પડે છે. માટે ઇશ્વરે બક્ષેલી તન અને મનશક્તિની તુલના કરી કયા ધંધામાં છોકરૂં વધારે ફાવી શકશે તેનો માબાપે પ્રથમ નિર્ણય કરવો. અને પછી તનશક્તિ કે મનશક્તિને કેળવવા તજવીજ કરવી.

ઉંઘ.

સારી તબીયતવાળા લાયક ઉમ્મરના માણસને જેમ ૭ સાત કલાક ઉંઘ લેવાની જરૂર છે, તેમ છોકરાંને તે કરતાં વધારે, એટલે કે નવ દસ કલાક ઉંઘ લેવાની જરૂર છે. તેટલી ઉંઘ લેતાં તેમને અટકાવવાં, એ તેમની તબીયતને હરકતકર્તા છે. છોકરાંને વાળુ કરાવ્યા પછી લગભગ આઠ નવ વાગે સુવાની ટેવ પાડવી જોઇએ. ઉંઘતાં છોકરાંને ખાસ કારણ સિવાય ઉંઘમાંથી અધવચ્ચ ઉઠાડવાં નહીં. માબાપ, ધાવ, ચાકર, કે ઉછેરનાર પાસે એકજ પથારીમાં છોકરાંને ભેગાં સુવાડવાં નહીં. રાતમાં એક વખત તેમને પથારી બહાર લાવી કુદરતી હાજત પુરી પડાવવી.

શીતળા.

શીતળાનો રોગ ઘણોજ ભયંકર છે. ઘણું કરીને એ રોગ છોકરાંને નાનપણમાંજ વધારે થાય છે. કેટલીક વખત એથી આંખ જેવા અમૂલ્ય રત્નનો નાશ થાય છે, કે વખતે ચહેરો બદશિકલ થઇ જાય છે; અથવા તો જીવની હાનિ થાય છે. માટે એ દૃષ્ટ રોગમાંથી છોકરાંને બચાવવા સારૂ માબાપે પ્રથમથીજ સાવચેત રહેવું જોઇએ; તેને માટે બાળકોને શીળી ટંકાવવી. સારા રૂષ્ટ પુષ્ટ બાળકના હાથે ભરપૂર રીતે ઉપસેલા દાણાના ચેપથી શીળી ટંકાવવી. જો દાણા બરાબર ઉપડે તો પછી ઓરી, અછબડા જેવા ભયંકર રોગથી બચાવ થશે. કઢાવેલા દાણા જો બરાબર ઉપસ્યા ન હોય તો ફરીથી શીળી ટંકાવવી; આળસ કરી બેશી રહેવું નહીં. વળી જો દર પાંચ પાંચ વર્ષે શીળી કઢાવવાનો રીવાજ રાખવામાં આવે તો એ રોગની કંઇજ બીક રહેશે નહીં.

દવાનો ઉપચાર.

કેટલીક વખત છોકરાંને રોગની સમજ પડતી નથી, માટે માબાપે પુરતું ધ્યાન આપવું; ને જેમ બને તેમ દવા જલદીથી શરૂ કરવી કે રોગ વધવા પામે નહીં. કેમકે રોગ વધી જતાં છોકરાંને તેમજ માબાપને ઘણી ઘણી વીટંબણા વેઠવી પડે છે.

માબાપને કેટલીક અસાધારણ દવાની માહિતી હોવી જરૂરની છે; નહીંતો ગમે તે વખતે અને ગમે તે સ્થળે તાત્કાળિક દાકતર કે વૈદ્યનું સારૂં સાધન ન મળે તો મૂશ્કેલી પડે. દવા આપવામાં પણ ઘણી સંભાળ રાખવી જોઇએ. કેટલીક વખત માબાપની અપૂર્ણ માહિતીને લીધે છોકરાં ભારે જોખમમાં આવી પડે છે, માટે ઉંટ વૈદુ કરી બીન અનુભવી દવા એકદમ વાપરવી નહીં. નવા અને અજાણ્યા વૈદની દવા વાપરવી, પણ કેટલીક વખત જોખમકારી થઇ પડે છે.

દવા કરતાં હઠીલાં છોકરાં ઘણી વખત વાંધો લે છે, એવે વખતે માબાપે બને ત્યાં સુધી યુક્તિ પ્રયુક્તિથી સમજાવી કામ લેવું; પણ તેમની હઠ ચાલવા દેવી નહીં. કેટલાંક છોકરાં મંદવાડમાં પ્રતિકુળ પડે એવું ખાવાની હઠ લે છે, તેથી જો દુઃખમાં વધારો થતો હોય યાતો કંઇ જુદુંજ પરિણામ આવે એવું હોય તો માબાપે એવી હઠને કદી પણ આધિન થવું નહીં.

જાણીતી દવા માબાપે ઘરમાં થોડી થોડી પણ રાખવી એ હિતાવહ છે.

રહેણી કહેણી.

છોકરાં જેવા સહવાસમાં ઉછરે છે તેવાં ઘણું કરીને નીવડે છે. વિશેષે કરીને તેમને માબાપના સહવાસમાં રહેવાનું હોય છે તેથી જેવાં માબાપ તેવાં છોકરાં થાય છે. કહેવત છે કે "જેવાં માબાપ તેવાં છોકરાં" છોકરાંને કુદરતી રીતે નકલ કરવાની ટેવ હોય છે. જો માબાપ સદાચરણીને નીતિવાન હોય, તો છોકરાં પણ તેવાંજ નીવડશે. જેવી માબાપની બોલી ચાલી, અને ઢબ છબ, તેવીજ છોકરાંમાં આવે છે; માટે માબાપ છોકરાંને જેવાં જોવા ચહાતાં હોય તેવાં પોતે થઇ બતાવવું.

સારા નરસા ગુણ.

છોકરાંના કયા ગુણ સારા અને ઉત્તેજન આપવા લાયક છે? અને કયા દુર્ગુણ અટકાવવા લાયક છે! એનો જવાબ એટલોજ છે કે જે ગુણે કરીને દુનિયાદારીમાં પ્રશંસા થાય તે સારા અને જેથી નિંદા થાય તે વખોડવા લાયક; માટે સારા ગુણ ગ્રહણ કરવા, ને દુર્ગુણનો પરિત્યાગ કરવા શીખવવું. પ્રથમ માબાપ, ભાઇબેન, અને ઘરનાં બીજાં માણસોનો અને પછી પડોશી, તથા નાત જાતના, અને ગામના લોકોનો પ્રેમ સંપાદન કરતાં શીખવવું. છોકરાં સાચાં અને પ્રમાણિક નીવડે તેને માટે માબાપે ખાસ ધ્યાન આપવું. સારી રીતભાત પણ તેટલીજ અગત્યની છે, એ વાત ભુલી જવી જોઇતી નથી.

ગૃહ કેળવણી.

જેમ ખોરાક મગજને વધારે માફક, તેમ મગજ વધારે સારૂં થાય છે; અને તેથી કરીને કોઇ પણ બાબતની

કેળવણી આપતાં તે સારી રીતે ગ્રાહ્ય કરી શકે છે. તર્કશક્તિ, અવલોકનશક્તિ, કલ્પનાશક્તિ, કારણશક્તિ, ઇત્યાદિ મનશક્તિઓનો આધાર સારા મગજ પર રહેલો છે. એ બીજ રૂપી ઇશ્વરે મૂકેલી શક્તિઓને વધારવી અથવા પૂર્ણ કરવી એનું નામ કેળવણી. બાળકોને કાંઇ પણ જ્ઞાન આપતાં તેમની વય અને ગ્રાહ્યશક્તિ ઉપર માબાપે નજર રાખવી; શરૂઆતની કેળવણીમા સૂર્યમંડળનું જ્ઞાન આપવું એ શક્તિ બહાર છે.

જે વસ્તુઓ હમેશાં છોકરાંના જોવામાં આવતી હોય તેવી વસ્તુઓનું ભાન પ્રથમ કરાવવું; કેમકે તેમનામાં સ્વાભાવિક એવા ગુણ હોય છે કે, કોઇ પણ વસ્તુ તેમના જોવામાં આવે તો તેથી ખુશી થઇ તે વિષે વધારે પડપૂછ કરે છે. અને વધારે વધારે નિહાળીને તથા આમ તેમ ફેરવીને જુએ છે. આનું નામ શું ! આ શું કરવાનું ? શાનું થતું હશે ? વગેરે જાણવાને ઇન્તેજાર રહે છે. માટે નવી નવી વસ્તુઓ બતાવવી. જોયેલી વસ્તુઓ પણ જૂદી જૂદી રીતે બતાવવાથી તેમને ઘણી મઝા પડશે.

દૃષ્ટાંત:—

વાંસની સોટીઓ તો ઘણી વખત તેમના જોવામાં આવી હશે. એવી ત્રણ સોટીઓને ત્રિકોણાકારમાં ગોઠવી તેના ઉપર રમકડાંની પેટી અથવા છાબડી મૂકી બતાવવાથી છોકરાંને આનંદની સાથે આકારનું ભાન થશે.

જે ગંજીફા રોજ તેમના જોવામાં આવે છે તેનોજ ઘર જેવો આકાર બનાવી બતાવવાથી તેઓ ઘણાં રાજી થશે. વળી છોકરાંને રંગનું ભાન કરાવવા માટે, લાલ અને કા-

ળાં રંગનાં પાન જૂદાં કઢાવવાં. અને તેવીજ રીતે આકારનું ભાન કરાવવું; પછી સંખ્યાનું જ્ઞાન આપવું. પ્રથમ એકનું જ્ઞાન થવા માટે એક ટપકીવાળાં, બેનું જ્ઞાન થવા માટે બે ટપકીવાળાં એ પ્રમાણે દસ સુધી કઢાવી, તે સાથે રાજા, રાણી, અને ગુલામનો પહેરવેશ કેવો હોય તે ઓળખાવવો.

એક સાદો કાચનો કડકો લઇ તેના મોં સામો ધરીને પાછલી બાજુએ કાંઇ ધરી દેખાડવાથી, તે જેવી ને તેવી તેના જોવામા આવશે. પછી કાચના કડકાને બદલે સ્લેટ કે પાટીઆનો કડકો રાખી બતાવવાથી પ્રથમની વસ્તુ દેખાતી બંધ થશે. આથી છોકરાંના સમજવામાં આવશે કે કાચની આરપાર દેખાય છે, પણ સ્લેટ કે પાટીઆની આરપાર દેખાતું નથી.

છોકરાંને પાણીમાં રમત કરવી બહુ ગમે છે. એક પહોળા મોના વાસણમાં જોઇતું પાણી ભરી તળીએ કાણાવાળી એક નાળિએરની કાચલી ચતી મૂકશો; એટલે હવાના દબાણે કરી ધીમે ધીમે કાચલીમાં પાણી ભરાતું જશે, તે જોઇ છોકરાંના મનને આનંદ થશે. કેટલીકવારે બધી કાચલી પાણીથી ભરાઇ જશે, એટલે ડુબી જઇ નીચે બેસશે. આવી રીત કાચલીને બદલે તળીએ કાણાવળી વાડકી મૂકી હોય તો તેથી પણ તેમજ થાય; એમ સમજણ આપવી. પ્રથમ આપણા દેશમા ઘડીઆળો નહોતી ત્યારે વખત જાણવાને આવાં સાધન રાખતા હતા. આવી આવી વસ્તુઓના દાખલાથી છોકરાંને રમુજ સાથે જ્ઞાન આપવું.

પાયરીબંધ.

છોકરાંને જ્ઞાન પાયરીબંધ આપવું. પગથીએ પગથીએ

ઊંચા મહેલની ટોચે જવાય છે; કુદીને જવાતું નથી. માટીનું વાસણ કેમ બને છે તેની સમજ આપતાં પ્રથમ ખાણુમાંથી માટી ખોદી લાવે છે, પછી પાણી વડે પલાળે છે, એ પલાળેલી માટીને ગુંદી ગુંદીને ગારો કરી, તેનો લોચો લઇ ચાક ઉપર પાણી વાળો કરી મૂકે છે; અને ચાક ફેરવી ચાક ઉપર મૂકેલા લોચાનું જેવું વાસણ કરવું હોય તેવો ઘાટ ઉતારે છે; ને તેમાં સફાઇ આવવા માટે પાણી લઈ ઓળસતા જાય છે. એ પ્રમાણે ઉતારેલા ઘાટને તડકે મૂકી સુકવે છે; બાદ શોભીતો કરવા સારૂ રંગીને ઓપે છે, ને છેવટે નીમામાં ઘાલી પકવે છે. એ પ્રમાણે હરકોઇ વસ્તુનું જ્ઞાન ક્રમે ક્રમે આપવું.

છોકરાં આનંદી સ્વભાવનાં થાય એમ કેળવવાં.

જીંદગીની દરેક સ્થિતિમાં આનંદી સ્વભાવ એ અગત્યનું સુખ છે, માટે બચપણમાં એ બાબત કાળજી રાખવી. આનંદી સ્વભાવનાં માબાપના સહવાસમાં ઉછરેલાં છોકરાં આનંદી થાય છે. સાધારણ વાતચીતમાં મીઠી વાણીથી બોલવું; ગુસ્સામાં બોલવું નહીં અને દરરોજ તેઓ આનંદમાં રહે એવી તજવીજ રાખવી.

વાતો કહેવી.

છોકરાંને વાતો સાંભળવી બહુ ગમે છે. પ્રસંગોપાત નાની નાની વાતો સંભળાવી, તેમને ખુશી કરવાં. વાતો એવી હોવી જોઇએ કે, ગમતની સાથે ઉપયોગી સુચના મળે; વળી તે સાદી ભાષામાં ને ટુંકી હોવી જોઇએ, કે જેથી તેઓ સમજીને યાદ રાખે અને તેમને લાગુ પડે. માબાપે એવી વાતો લક્ષમાં રાખવી.

છોકરાંને પડોશના બનતા બનાવથી વાકેફ કરવાં. અમુક છોકરાએ કે છોડીએ અમુક વસ્તુ ચોરવાથી તેને આવી શિક્ષા થઈ, અમુક છોકરે ભુસ્કો માર્યો તેથી તેનો પગ ભાગ્યો, અમુકે દેવતાની રમત કરી તેથી દાઝ્યો, અને લુગડાં સળગી ઉઠયાં ઇત્યાદિ.

તર્કશક્તિ.

તર્કશક્તિ ખીલવવા માટે બચપણુમાંજ જે શ્રમ લેઇશું તે વધારે ફાયદાકારક નીવડશે. કુમળી વયનાં બાળકોને જે રસ્તે દોરવા ધારીએ તે રસ્તે દોરી શકીએ. કોઇ પણુ બાબતનો હુકમ કે મનાઇ કરવામાં આવે તેનું કારણુ તેમનાં સમજવામાં આવે તો વધારે સારૂં; શાથી જે કેવે પ્રસંગે કેમ વર્તવું તેનો કારણુ સાથે વિચાર કરવાની આગળ ઉપર જરૂર પડશે; એટલે કે તેની તર્કશક્તિને દોડાવવી પડશે.

ઉત્તેજન આપવું અને પ્રશ્નના જવાબ આપવા.

કુદરતી રીતે કોઇ વસ્તુ જોવામાં આવે તે ઉપર પ્રશ્ન પૂછવાનું છોકરાંનું વલણુ હોય છે; આમ કરતાં તેમને અટકાવવાં નહીં, અથવા ઠપકો દેવો નહીં. પ્રશ્ન પુછવાથી તેમના જ્ઞાનમાં વધારો થાય છે. માટે મીઠાશથી તેમના પ્રશ્નનો ખુલાસો કરવો. દૃષ્ટાંત:—

ટેબલ ઉપર કાગળ દાબવાનું વજન (વેટ) પડયું હોય તે જોઇ તમને પૂછે કે આ શું છે ? તો જવાબ દેવો કે કાગળ દાબવાનું વજન છે.

પ્ર૦ એ શા કામમાં આવતું હશે ?

ઉ૦ કાગળો પવનથી ઉડી ન જાય માટે દાબવા સારૂં.

પ્ર૦ પથરો મૂકીએ તો દબાય કે ?

ઉ૦ હા, પરંતુ આ સારૂં દેખાય છે.

પ્ર૦ આ શું છે ? (શાહીચૂસ કાગળ લેઇને)

ઉ૦ એ શાહીચૂસ કાગળ છે.

પ્ર૦ એ શા કામમાં આવતો હશે ?

ઉ૦ લખેલા અક્ષર લીલા હોય તે સૂકવવા રજ નાંખવી પડે, તેથી કપડાં ને કાગળ મેલા થાય તેને બદલે આ શાહીચૂસ કાગળ દાબવાથી અક્ષર સૂકાઇ જાય છે, અને રજ નાંખવી પડતી નથી.

આવી રીતે પૂછેલા ખુલાસાના જવાબ દેવામાં કંટાળો લાવવો નહીં. ખુલાસા કરવાથી તેના જ્ઞાનમાં વધારો થાય છે. વિદ્વાનો એક દિવસમાં વિદ્વતા મેળવી શકતા નથી, પરંતુ ધીમે ધીમેજ મેળવી શકે છે. આ નમાણે આપેલું જ્ઞાન મનમાં સારી અસર કરે છે. જે વસ્તુનું જ્ઞાન આપવું હોય તે વસ્તુ આબેહૂબ બતાવવી. જીવતાં પશુ, પક્ષીઓ, ઝાડ, છોડ, ફળ, ફૂલ, વગેરે બતાવવાં. દરેક વસ્તુ પૂર્ણપણે જોવરાવવી; ઉતાવળ કરવી નહીં, પણ બને ત્યાં સુધી તેમની શક્તિ પ્રમાણે તે ઉપર વિચાર કરવા દેવા. ફળ બતાવો ત્યારે તે ચીરી અંદરના ભાગ પણ બતાવવા. કેટલાંક છોકરાં ભણેલાં હોવા છતાં, પૌન્ડ એ શું છે તે સમજતાં નથી; આવી રીતે કેટલીક વાર બને છે માટે પ્રત્યક્ષ વસ્તુનું સમજણ આપી ભાન કરાવવું એ લાભકારક છે.

કારણ સમજાવવું.

કોઇપણ કામનું પરિણામ સારૂં યા નરસું તેમના સંબંધનું આવે તેનું કારણ સમજાવવું. પરીક્ષામાં પાસ થવાથી ઇનામ મળ્યું હોય તો, તે સારા અભ્યાસનું ફળ છે, એમ કહેવું; પણ નશીબમાં હતું તો મળ્યું, એમ કહી નશીબપર

આધાર રાખવવાનું કદી પણ સમજાવવું નહીં. એકજ વર્ગમાં સાથે ભણનાર બે વિદ્યાર્થીઓ પૈકી, એક સારી મહેનતને લીધે ઉપલા ધોરણમાં જાય, અને બીજાને લાભ ન મળે ત્યારે નારાજ થયેલા છોકરાને જણાવવું જોઇએ કે, " નાપાસ થવાનું કારણ તમારી બેકાળજી છે."

અવલોકન અને બુદ્ધિ.

એકલી ચોપડી વાંચી સંભળાવીને, અગર તેની વાત કહીને જે જ્ઞાન આપવામાં આવે તેના કરતાં તે વસ્તુ પ્રત્યક્ષ બતાવી આપેલું જ્ઞાન વધારે અસર કરશે. મોર, એ શું છે એ બાબત તમે વિવેચન કરી સમજાવો, તેના કરતાં તે પક્ષી પ્રત્યક્ષ બતાવી તેની સમજ આપો તો જલદીથી સમજી શકશે. જ્યાં અવલોકનદ્વારા જ્ઞાન આપવાનું ન બની શકે ત્યાં ચોપડીઓ અગર વિવેચનદ્વારા જ્ઞાન આપવું બુદ્ધિ એ જ્ઞાનનું મૂળ હોવાથી તે બહુ તિવ્ર ને ચપળ થાય એમ કરવું. આનંદની સાથે વારંવાર જૂદી જૂદી રીતે બુદ્ધિને ખીલવવા ખાસ લક્ષ આપવું. જોવાની, સાંભળવાની, સુંઘવાની, ચાખવાની ને સ્પર્શ કરવાની ઇંદ્રિયશક્તિ પણ ખીલવવાની જરૂર છે. જેની બુદ્ધિ વધારે ચપળ ને તિવ્ર હોય, તે બીજાના કરતાં બહુ જલદીથી ફતેહ પામે છે.

ગાયન.

ઘણાં છોકરાંને કુદરતી રીતે ગાયનનો શોખ હોય છે. જનાવરોના અવાજ પ્રમાણે બોલવું, અગર રાગ કાઢી ગાવું તેમને ગમે છે. ગાયન એ મનને ખુશ રાખનાર અને આનંદમાં વધારો કરનાર છે, માટે આવી બાબતમાં માબાપે તેમને ઉત્તેજન આપવું.

કુદરતી લીલા.

પ્રસંગોપાત, આ બાબત ઉપર છોકરાંનું ધ્યાન ખેં-

ચવું. ચળકતા રંગનાં ખૂબસુરત ફુલ બતાવી કહેવું કે આ કેવાં મઝાનાં છે. સવારે ફરવા જઇ તાજાં ફુલ એકઠાં કરી ઘેર લાવવાં, ને બતાવી જણાવવું કે આ ફુલ કેવાં સુંદર દેખાય છે? એને હાથમાં લેઇ ચોળી નાંખવાનાં નથી. ફુલના જૂદી જૂદી રીતે હાર કલગી બનાવવાથી વધારે ખૂબસુરત દેખાય છે એમ જણાવવું. આથી તેમને બહુ મઝા પડશે, ફુલનો શોખ વધશે, અને મનને આનંદ થશે. એકંદરે ફુલનો રંગ, આકાર, ખુબસુરતી, અને સુગંધની સમજ પાડવાથી તેઓ ઘણાં રાજી થશે; માટે બાગ બગીચામાં ફરવા લેઇ જઇ આલ્હાદકારક ફુલવાડી બતાવવી.

શિક્ષા.

છોકરાંને શરીર શિક્ષા કરવી નહીં. આવી શિક્ષાથી ઘણાં છોકરાં બગડી જાય છે. સમજુ માબાપ આ શિક્ષાને પસંદ કરશે નહીં ઘણું કરીને શિક્ષા કરવાનો હેતુ પોતાનો હુકમ મનાવવા માટે હોય છે. જેમ ઇનામ આપવાથી આનંદ થાય છે તેમ શિક્ષા કરવાથી દુઃખ થાય છે; માટે શિક્ષા કરવાની જરૂર પડે, તેને જે ઇનામ વગેરે આપવાનું હોય તે ન આપવું, અગર હાથમાં લઇ ન આપવા જણાવવું. જો તે આડા રીતે ચાલે તો તેને કહેવું કે ફલાણી ફલાણી બાબતનું ઇનામ આપવા મેં નક્કી કર્યું છે તે હવે આપીશ નહીં; બાગમાં લઇ જઇશ નહીં; સંગ્રહસ્થાન બતાવીશ નહીં; દેવલયમાં અમુકવાર તહેવાર ઉપર તને ન લઇ જતાં બીજાં છોકરાંને લઈ જઇશ; આજે મીઠાઇ વહેંચવાનોછું, તે તને આપીશ નહીં. રમકડાં બીજાને આપીશ; પણ તને નહીં આપું. મારી પાસે છબીઓ છે તે તને બતાવીશ નહીં; તારી સાથે બોલીશ નહીં; તને ગજવા ખર્ચના પૈસા નહીં આપું; અમુક અમુક વસ્તુ તારી પાશેથી પાછી લઇ લઇશ;

આવા દાખલા ઘણા મળી આવશે.

જો છોકરૂં કોઇ પણ વસ્તુનો ખોટો ઉપયોગ કરે તો તે વસ્તુ તેની પાસેથી લઇ લેવી. કોઈ વસ્તુ બેકાળજીથી ખોઇ નાંખે તો એક વખત તેને જવા દેવો. ફરીથી તેમ કરે તો તે વસ્તુ તેને આણી આપવી નહીં; ને તે બદલની તેના મનમાં લાગણી થવા દેવી. કોઇ બીજા છોકરા પાસેથી કાંઇ વસ્તુ તે લઇ લે, તો જેની તે હોય તેની અપાવવા તજવીજ કરવી. બીજા કોઇની વસ્તુ ખોઇ નાખે અગર ભાગી નાખે તો તેની પાસે તેના જેવી જે વસ્તુ હોય તે, અગર તેનો બદલો આપવો. (જો તેને ગજવા ખર્ચ આપવામાં આવતું હોય તો તે તેમાંથી અપાવવું). ટુંકામાં તેઓ મોટાં થાય ત્યારે દુનિયાદારીના રસ્તાએ ચાલવાને હરકત પડે નહીં, એવું વલણ શરૂઆતથી વાળવું. કદાપિ ખોટું કામ કરે તો તે બદલની લાગણી થઇ પસ્તાવો થાય અને ફરીથી તેવું કરે નહીં, એવી ટેવ પાડવી. વખત જોઈ તેને ઠપકો આપવો, શરમીંદો બનાવવો, તેના પ્રત્યે તિરસ્કાર ઉપજાવવો, પરંતુ એમ કરવામાં અસભ્ય ભાષણ કરવું નહીં. સંશયયુક્ત બાબતોમાં તેને બેવકૂફ, ગધેડા વગેરે કહેવું નહીં. અકસ્માત પડી જાય અગર એવાજ કારણ પરત્વે કાંઇ વસ્તુ ભાગી જાય અગર તેનો નાશ થાય તોપણ તેને શરીર શિક્ષા કરવી નહીં. ઉપર પ્રમાણે યુક્તિ પ્રયુક્તિ કરવા છતાં અસર ન થાય તોજ નિરૂપાયે સહેજસાજ શરીરશિક્ષા કરવી. પરંતુ તેથી તેના શરીરના કોઇ અવયવને ઇજા થવી ન જોઇએ. જે બાબતમાં તેને કુદરતી રીતે ઇજા થાય તે માટે શિક્ષા કરવી નહીં. કોઇ છોકરૂં પોતાની બેકાળજીથી પડી જાય અને તેથી તેને ઇજા થાય, તો એની બેકાળજીની શિક્ષા કુદરતી રીતે થઇ ગઇ છે,

તેથી એવે વખતે બીજી શિક્ષા કરવી નહીં પણ તેને ધીમેથી સમજુત આપવી કે "આ તારી બેકાળજીનું ફળ છે. માટે હવેથી સંભાળીને ચાલજે."

ઇનામ અને શિક્ષા.

સારી રીતભાત માટે ઇનામ આપી ઉત્તેજન આપવું, અને ખોટી રીતભાત બદલ શિક્ષા કરવી, એ જેમ માણસોને ઉપયોગી છે, તેમ બાળકોને પણ છે. ઘણું કરીને એ બંને બાબતમાં સરખા મત છે. માત્ર તફાવત એટલોજ છે કે, છોકરાંને ઇનામ અને શિક્ષા થોડા પ્રમાણમાં હોવાં જોઇએ. ઇનામ વારંવાર છૂટથી આપી સાધારણ કરી નાંખવું નહીં. એથી ઓછી અસર થાય છે. તેજ પ્રમાણે વારંવાર શિક્ષા કરવાથી સાધારણ થઈ જાય અને તેથી ખોટી અસર થાય. માટે સારી રીતભાત બદલ ઇનામ આપવાની, ને ખરાબ રીતભાત બદલ શિક્ષા કરવાની હદ રાખવી. માબાપે ન્યાયાધિશની પેઠે ન્યાયસર ઇનામ આપવું; મતલબ કે પક્ષપાત કરવો નહીં. શિક્ષાને માટે પણ તેમજ સમજવું. આથી છોકરાં ધીમે ધીમે દુનિયામાં ભવિષ્યની જીંદગીમાં કયે રસ્તે ચાલવું તેથી વાકેફ થશે. ઇનામ અને શિક્ષા એ છોકરાંની રીતભાત ઉપર આધાર રાખે છે, માટે માબાપે પોતાની મરજી પ્રમાણે તેનો ઉપયોગ કરવાનો નથી. કેટલીક વખત, માતાઓ વધારે સારું ઇનામ અપાવવા, અથવા શિક્ષા કરાવવા ભલામણ કરે છે; તે ઉપર વિચાર કરીને ધ્યાન આપવું જે બદલ ઇનામ આપવામાં આવે તે બદલ તેમને જણાવવું કે આ ઇનામ અમુક બાબતનું છે; તેજ પ્રમાણે શિક્ષા કરતી વખતે પણ ખબર પડવી જોઇએ કે, અમુક ખરાબ વર્તણુંક બદલ આ શિક્ષા થયેલી છે. આથી કયી વર્તણુંક સારી

અને કયી વર્તણુંક ખરાબ અને દરેકનું પરિણામ શું આવે છે, એ સમજવામાં આવશે. ઇનામ આપવામાં કે શિક્ષા કરવામાં બીલકુલ ઉતાવળ કરવી નહીં. આ બાબતમાં માના કરતાં બાપના તરફથી વધારે ન્યાયસર થાય છે. કેમકે પુરુષોનાં મન વધારે દૃઢ ને ન્યાયી હોય છે. વિચારવંત માબાપ ઇનામ ઘણી રીતે અને ઘણી જાતનું આપી શકે. તેના થોડા દાખલા નીચે પ્રમાણે.

જાતજાતનાં ફળ, જાતજાતની મીઠાઈ, પુસ્તકો, રમકડાં, ચિત્રો, લખોટીઓ, લાકડી, રમવાની છૂટ, બગીચામાં લઇ જવું, સંગ્રહસ્થાન બતાવવું. મંદીર કે મેળામાં લઇ જવું, તમાસો બતાવવો, ઘોડા ઉપર બેસાડવું, બજાર, આગગાડી બતાવવાં, સારો રૂમાલ, છત્રીઓ, પતંગ, તેના સોબતીઓને ઘેર બોલાવવાની છૂટ આપવી, કોઇક વખત નદી અથવા તળાવમાં લઇ જઈ નવડાવવું, ગંજીફો, જુદાં જુદાં કપડાં, મુકરર કરેલી મુદતે અમુક ગજવા ખર્ચ, ઇત્યાદિ૦

ગજવા ખર્ચ મુકરર કરેલી મુદતે આપવું. પણ એ લેવાનો તેમનો હક છે એમ છોકરાંએ સમજવાનું નથી. "મુકરર કરેલી મુદત સારી રીતે વર્ત્યો તે બદલનું આછે" એમ કહીને આપવું; એટલે પછીને માટે સારી રીતે ચાલવાનું મન થશે. ચઢેલું ગજવા ખર્ચ ક્યારે લેવાનું છે તે આથી તેના સમજવામાં આવશે. ત્રાંબાના ને રૂપાના જૂદી જૂદી જાતના શિક્કાથી તે માહિતગાર થશે; તથા તેની કિમ્મત પણ સમજવામાં આવશે. વળી આથી ગણિતનું કંઇક અંશે ભાન થવાનું સાધન થઇ પડશે. તેમજ પૈસાદાર કેમ થવાય છે ને ગરીબ કેમ થવાય છે તે પણ તેના જાણવામાં આવશે. આ સઘળું જ્ઞાન સારા ઉપયોગે કરીને આગળ ઉપર ઘણું

ઉપયોગી થઇ પડશે.

પૈસાનો રૂડો ઉપયોગ કરવાનું શીખવવું એ અતિ જરૂરનું છે. જો છોકરૂં ભાઇ, બેન, અથવા સોબતીઓ પાસેથી કાંઇ વસ્તુ ઉછીની લે, તો તેની માગણી થતા પેહેલાં નિયમિત વખતે આપવાનું શીખવવું. છોકરૂં પોતાના પૈસા સાચવી શકે એવું ન હોવાથી માબાપને મૂકવા આપે ત્યારે તેનો ચોકસ દાખલો રાખવો. શરૂઆતમાં માબાપે છોકરાંને સાથે રાખી ઘણી દુકાનોએ ફરી સારી ને ઉપયોગી વસ્તુઓ સસ્તી કિંમતે ખરીદતાં શીખવવું.

ગુણ.

નમ્રતા, સત્યતા, સંતોષ, ઉદ્યોગ, ન્યાય, દયા, પુન્ય, કરકસર, આભાર માનવો, સચ્ચાઇ, પ્રમાણિકપણું, અને પોતાનાથી દરેક બાબતમાં મોટાને માન આપવું ઇત્યાદિ સદગુણો માટે ઉત્તેજન આપવું. અભિમાન, અસભ્યતા, અસંતોષ, આળસ, પક્ષપાત, ક્રુરતા, પાપ, ઉડાઉપણું, અપકાર કરવો, જૂઠ, અપ્રમાણિકપણું, અને માન આપવા યોગ્ય હોય તેનું અપમાન કરવું ઇત્યાદિ દુર્ગુણોનો તિરસ્કાર કરવો.

ધર્મ.

ઇશ્વર જગતનો નિયંતા અને સદ્ગુણનો ભંડાર છે. તે હમેશાં આપણને પુત્રસમ પાળે છે. દુનિયા માત્ર એના વડે છે. આપણે જે સુખ અને વૈભવ ભોગવીએ છીએ તે સઘળું એની કૃપા ઉપર આધાર રાખે છે, માટે દરરોજ પ્રભુના ગુણ ગાવા ને તેની સ્તુતિ કરવાનો નિયમ રાખવો એમ છોકરાંને સમજાવવું.

સ્વરાજ્ય.

સ્વરાજ્યના હક પ્રાપ્ત કરવાનું શીખવવું એ અગત્યનું છે. તેઓ માબાપની કે શિક્ષકની ગેરહાજરીમાં બરાબર રીતે ચાલે એવી ટેવ પાડવી. જો તેઓ પોતાની મેળે બરાબર ચાલે તો સારી વાત છે; પરતુ કદાપિ ઉલટી રીતે ચાલે તો તેને માટે આગળ જણાવ્યા પ્રમાણે ઉપાય લેવા. જ્યારે છોકરાં એકઠાં મળી કાંઇ સામાન્ય રમત ગમત કરે, ત્યારે તેઓ પોતામાંના એકને આગેવાન નીમી, પછી તેના કહેવા પ્રમાણે સૌ ચાલે એમ શીખવવું; એટલે માંહોમાંહે લઢે ત્યારે માબાપ પાસે ફરિયાદ ન જતાં અંદરો અંદર તેનો નિકાલ કરતાં શીખશે. પરંતુ માંહોમાંહે પક્ષાપક્ષી ન થાય એને માટે તજવીજ રાખવી.

ન્યાય.

જેવી રીતે વહાણને માટે સુકાન છે તેવી રીતે માણસને માટે ન્યાય છે. જેવી રીતે શરીરમાં આંખ છે તેવી રીતે મનને માટે ન્યાય છે. સઘળા પ્રકારની કેળવણી અગર ભણતરમાં એ ઉપયોગી છે. ભવિષ્યમાં સ્વરાજ્યના હક જાળવી શકે માટે બચપણમાં ન્યાયી થવાનું શીખવવું.

ગુનાહ.

કાયદાથી શિક્ષા થાય એવા ગુનાહ કરતાં અટકે એમ બાળકોને શીખવવું. એમ કરવાથી આગળ ઉપર જ્યારે તેઓ પુખ્ત ઉમરે પહોંચશે ત્યારે કાયદા વિરૂદ્ધનાં કામ કરવા તરફ તેમની વૃત્તિ થશે નહીં. એવા ગુનાહની વિગત નીચે પ્રમાણે.

ચોરી કરવી, ચોરીનો માલ રાખવો, અગર આપવો, છેતરવું, નુકસાન કરવું, હુમલો કરવો, ખુન કરવું, મારો

દેવી, ખોટું તહોમત મૂકવું, ખોટો પુરાવો રજુ કરવો, ખોટી ખબર આપવી, બીજાની માલકી બથાવી પડવી અગર તે ઉપર ત્રાપ મારવી, અને ખોટી સાક્ષી પુરવી વગેરે.

સરકારને માન.

પ્રસંગોપાત માબાપે છોકરાંને કહેવું કે, જેવી રીતે માબાપ છોકરાંની સંભાળ લે છે તેવી રીતે સરકાર રૈયતની સંભાળ લે છે. તેટલા માટે જેમ છોકરાંએ માબાપનો હુકમ માનવો જોઇએ, તેમ રૈયતે સરકારનો હુકમ માનપૂર્વક માનવો જોઇએ.

નિશાળે જવું.

છોકરાંને નિશાળે બેસાડવાની માબાપે અતિ ઉતાવળ કરવી નહીં. છ સાત વર્ષનાં થાય ત્યાંસુધી રાહ જોવી. તેટલા વખતની દરમ્યાન નિયમિત શિક્ષક સિવાય રમત ગમત સાથે બરાબર દેખરેખ રાખવામાં આવે તો કંઇક શીખી શકશે.

ઘણાંક છોકરાં નિશાળે જવાને ના પાડે છે એમ બને છે અને નિશાળે જવાનું કહેતાં નારાજ થાય છે, અને રડે છે; તેથી બળાત્કારે મોકલવાની જરૂર પડે છે. માટે શિક્ષકે એવી યુક્તિ પ્રયુક્તિ કરવી જોઇએ કે છોકરાં ખુશીથી હોંસે હોંસે નિશાળે આવે. માબાપે તેટલા માટે સારી ચાલનો, સદ્ગુણી, અને માયાળુ સ્વભાવનો શિક્ષક પસંદ કરવો. પ્રથમ છોકરાંને દેશી શાળામાં મોકલવાં; અને ત્યાંનાં ધોરણ પુરાં થઇ રહ્યા બાદ અંગ્રેજી શાળામાં મોકલવાં.

છોકરાં નિશાળે જતાં થાય ત્યારે, તેઓ સારી તન્દુ-

રસ્તીવાળાં ને દીર્ઘાયુષી થાય તેને માટે માબાપે પ્રથમ કાળજી રાખવી જોઇએ. અને પછી તેમનામાં ચાંચલ્યતા પ્રાપ્ત થવાને જે જે સાહિત્યની જરૂર પડે તે પુરાં પાડવાની કાળજી રાખવી જોઇએ. જે માબાપ પહેલી બાબતમાં બેકાળજી રાખે એટલે કે તેમને બરોબર ખોરાક આપે નહીં, બચપણમાં વ્યવહારમાં જોડે, અને જલદી અભ્યાસ પુરો કરાવવાની લાલસાથી મગજને હદ ઉપરાંત મહેનત આપે, તે પોતાને અને પોતાનાં છોકરાંને બહુ દુઃખી કરે છે. તેવીજ રીતે બીજી બાબતમાં બેકાળજી રાખે એટલેકે વગર વિચારે પોતાની માલમિલકતનો ભળતી રીતે ઉપયોગ કરે, અથવા કાંતો સંગ્રહ કરી રાખે; પણ જેથી છોકરૂં પ્રવીણ થાય તે શીખવવાને ખર્ચ કરવામાં બેદરકાર રહે તે મહા પાપી છે.

ભાષા.

પ્રથમ અગત્યની માતૃભાષા શીખવવી જોઇએ; કેમકે તે સૌથી સહેલી લાગે છે. એકજ વખતે એક કરતાં વધારે ભાષાઓ શીખવી છોકરાંને કંટાળો ઉપજાવવો નહીં. માતૃભાષા શીખવ્યા બાદ બીજી ભાષા શીખવવી. પ્રથમ ઘરમાં જેજે વસ્તુઓ તેના જોવામાં આવે તેનાં નામ, અને પછી મહોલ્લામાં જોવામાં આવે તેનાં નામ શીખવવાં; ને ત્યારપછી પશુ પક્ષીઓનાં નામ શીખવવાં. એ પ્રમાણે આગળ ધીમે ધીમે ચલાવ્યા જવું. કેટલાંક અધારાં માબાપ અંગ્રેજી નામ પ્રથમથીજ શીખવે છે એ ખોટું છે.

મોંઢે કરવું.

છોકરાંને મોંઢે કરવાને બહુ દબાણ કરવું નહીં. એથી કંઇ બુદ્ધિ કે ચતુરાઇ વધતી નથી. જીંદગીમાં જે ખાસ ઉપયોગી છે તે મોંઢે રાખવાનું શીખવવું. આંક મોંઢે કરવાથી

ગણિતશાસ્ત્રની રીત બરાબર રીતે ને જલદીથી શીખવાનો વિ[ક્રિ]યાન થવાય છે; આ બાબતમાં જેનું મગજ વધારે સારૂં હોય છે, તે વધારે સરૂં કામ કરી શકે છે. આગળ ઉપર ઉપયોગી થઇ પડે તેવાં નામ મોંઢે રાખવાં જોઇએ.

દૃષ્ટાંત —અઠવાડીઆના દિવસ, વારનાં નામ, મહિનાનાં નામ, વર્ષનાં નામ, કુટુંબના માણસોનાં નામ, મિત્રમંડળનાં નામ, રેહેવાના ઠેકાણાનું નામ વગેરે.

લગ્ન.

બનતા સુધી છોકરાની ઉમર સોળ વર્ષની થાય નહીં ત્યાં સુધી કોઇ પણ કારણસર તેનું લગ્ન કરવું નહીં. તેમજ કન્યાની ઉમર દસ વર્ષની થાય નહીં ત્યાં સુધી તેનું પણ લગ્ન કરવું નહીં. બાળલગ્નથી છોકરાંને તેમજ માબાપને ઘણું દુઃખ સોસવું પડે છે, અને ઉછરતી પ્રજાને પણ નુકસાન થાય છે; એ વાત સર્વમાન્ય હોવાથી વિશેષતઃ લખવાની અગત્ય ધારતો નથી. જે માબાપ પૈસાની ખાતર પોતાની કન્યાને અયોગ્ય વર સાથે પરણાવે છે તેમના ઉપર ઇશ્વરની અવકૃપા થાય છે, અને લોકમાં તેમની અપકીર્તિ થાય છે.

લગ્નાદિ કાર્યમાં પૈસાનો બહુ અયોગ્ય ઉપયોગ કરવાને બદલે આગળ ઉપર ઉપયોગી થઇ પડે એવી કેળવણી આપવાને ખર્ચ કરવું એ હિતાવહ અને શ્રેયસ્કર છે.

સમાપ્તિ.

આ જણાવેલી ટુંક નોંધ જનસમૂહના કલ્યાણ માટે જરૂરની છે. સમજુ માબાપ એનો મનમાનતી રીતે ઉપયોગ કરશે તો હું કૃતાર્થ થઇશ. તથાસ્તુ.

સમાપ્ત.

સૂચના.

આ પુસ્તક રોકડી કિમ્મતે અથવા વેલ્યુપેબલથી ની-ચે લખેલે ઠેકાણેથી મળશે.

પેટલાદ—કર્તાને ત્યાંથી

પેટલાદ—અમૃતલાલ બાબરભાઇ પેટલાદ મૂખ્ય શાખા

પેટલાદ—મુનદાસ તુલસીદાસ પેટલાદ પોળીકુઇ.

પેટલાદ—મણીલાલ મુળજીભાઇ બુકસેલર અને કમીશન એજન્ટ.

નડીઆદ—તલાટી છોટાલાલ મૂળજીભાઇ મેનેજર "ન્યુ" ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસ.

આ પુસ્તક સંબંધે પત્ર વ્યવહાર નીચેના સીરના-માથી કરવો.

ઇશ્વરલાલ હરગોવિંદદાસ પે. કા. પેટલાદ વિભાગના ડે-પ્યુટી એજયુ. ઇન્સપેકટર ઓફીસ.

ઠે. પેટલાદ નાગરકુવા } મુ. પેટલાદ. અગર સ્વારી.